ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી(આદિજાતિ વિકાસ વિભાગ)
૩જો માળ, બિરસા મુંડા ભવન, સેક્ટર-10 –A, ગાંધીનગર-૩૮૨૦૧૦,ફોન નં-૦૭૯ ૨૩૨૪૩૭૪૮/૪૯

જાહેરાત

## એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કૂલ પ્રવેશ માહિતી ૨૦૨૪-૨૫

(ફક્ત સરકારી શાળા, આશ્રમ શાળા અને ગ્રાન્ટ ઇન એડ શાળાઓના પાંચમાં ધોરણમાં અભ્યાસ કરી રહેલ આદિજાતિના બાળકો માટે )

આદિજાતિ બાળકોને ઉચ્ચ ગુણવત્તાસભર શિક્ષણ સાથે સારા આવાસ અને ભોજનની સુવિધા મળી રહે તેવા ઉચ્ચ હેતુસર એકલવ્ય મૉડેલ રેસીડેન્શીયલ સ્કૂલો કાર્યરત છે. સદર શાળાઓ ધોરણ-૬ થી ધોરણ-૧૨ સુધીની છે. શાળામાં કોમ્પ્યુટર શિક્ષણ, રમતગમત, ચિત્રકલા, શિક્ષણ, લાયબ્રેરી વિગેરેની સુવિધા છે. એકલવ્ય મૉડેલ રેસીડેન્શીયલ સ્કૂલોમાં ધોરણ-૬ માં પ્રવેશ માટે અરજીઓ મંગાવવામાં આવે છે. તથા અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને ઉત્તમકક્ષાનુ શિક્ષણ તેમજ સુવિધાઓ મળે અને ઉત્તમ કક્ષાની શાળામા પ્રવેશ મળે તે માટે ગુજરાત સરકાર દ્વારા ટેલેન્ટપુલ યોજનાનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. આ ટેલેન્ટપુલ યોજનાનો લાભ લેવા માટે એકલવ્ય મૉડેલ રેસીડેન્શીયલ સ્કૂલ પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું રહેશે. (ટેલેન્ટપુલ યોજનાનો લાભ લેવા માટે પ્રવેશ સમયે સરકારશ્રીના આવક મર્યાદા અંગેના પ્રવર્તમાન નિયમો ધ્યાને લેવામાં આવશે.)

**પાત્રતાનું ધોરણ :**

- વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અનુસૂચિત જનજાતિ (ST) હોવા જોઇએ.
- પ્રવેશ સમયે વિદ્યાર્થીઓની ઉંમર તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી ઓછામાં ઓછી ૧૦ વર્ષ થી વધુમાં વધુ ૧૩ વર્ષની હોવી જોઇએ. (તા.૧લી એપ્રિલ એ જન્મેલ વિદ્યાર્થીઓ અરજી કરી શકશે) (૩૧/૦૩/૨૦૧૧ થી ૩૧/૦૩/૨૦૧૪ વચ્ચે જન્મેલ બાળક)
- વિદ્યાર્થી/વિદ્યાર્થીઓની હાલ સરકારી શાળા/આશ્રમ શાળા અથવા માન્ય ગ્રાન્ટ ઇન-એઇડ શાળાઓમાં (શિક્ષણ વિભાગની યાદી મુજબ) ધોરણ-૫ માં અભ્યાસ કરતાં હોવા જોઇએ અને પ્રવેશ મેળવતી વખતે ધોરણ-૫ પાસ કરેલ હોવું જોઇએ.
- આદિજાતિ વિસ્તારના આદિમ જુથના બાળકો અને હળપતિ બાળકો માટે કુલ બેઠકના ૫% સુધી અગ્રિમતા આપવામાં આવશે.
- વિમુક્ત/વિચરતિ/અર્ધ વિચરતિ જાતિના બાળકો માટે કુલ બેઠકના ૫% સુધી અગ્રિમતા આપવામાં આવશે.
- વિદ્યાર્થી જેના માતા પિતા ડાબેરી ઉગ્રવાદ- ના ભોગ બનેલા નાગરિકો અને પોલીસ/અર્ધલશ્કરી/સશસ્ત્ર દળોના જવાનોનો સમાવેશ થાય છે/બળવો/કોવિડ ના કારણોસર મૃત્યુ થયેલ હોય, વિધવા માતાના બાળકો, દિવ્યાંગ માતા પિતાના બાળકો, અન્ય – જમીન દાતા, અનાથ (માતા પિતા બંને હયાત ન હોય તેવા) વિદ્યાર્થીઓ માટે ૧૦% સુધી પ્રવેશ માટે અગ્રિમતા આપવામાં આવશે.
- દિવ્યાંગ બાળકો માટે કુલ બેઠકના ૫% સુધી પ્રવેશ માટે અગ્રિમતા આપવામાં આવશે.
- Domicile State/UT ના વિદ્યાર્થીઓ પ્રવેશ માટે અરજી કરવા પાત્ર છે.
- પ્રવેશ સમયે લાગું પડતા જરૂરી તમામ પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.

પ્રવેશ અરજીપત્ર મેળવવાના સ્થળો : વેબસાઇટ 1) https://eklavya-education.gujarat.gov.in/, 2) https://tribal.gujarat.gov.in/, 3) https://dsag.gujarat.gov.in/, 4) https://adijatinigam.gujarat.gov.in/, 5) https://comm-tribal.gujarat.gov.in/, 6) https://trti.gujarat.gov.in/, 7) https://egram.gujarat.gov.in/ પરથી ડાઉનલોડ કરી શકાશે.

| | |
|---|---|
| • સંબંધિત ગામની પ્રાથમિક શાળા | • તમામ આશ્રમશાળાઓ અને ગ્રામ પંચાયત |
| • તમામ એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ શાળાઓ | • તમામ આદર્શ નિવાસી શાળાઓ |
| • તમામ મોડેલ શાળાઓ | • પ્રાયોજના વહીવટદારશ્રી અને મદદનીશ કમિશ્નરશ્રીની કચેરીઓ |
| • તમામ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ | • તમામ પરીક્ષા કેન્દ્રો તેમજ જીલ્લા શિક્ષણધિક્ષકશ્રીની કચેરીઓ |

પ્રવેશ અરજીપત્ર જમાં કરાવવાના સ્થળો :

- અરજીપત્ર ભરીને જે પરીક્ષાકેન્દ્ર ઉપર પરીક્ષા આપવાની હોય તે પરીક્ષા કેન્દ્રમાં રૂબરૂ અથવા ટપાલથી જમાં કરાવવાનુ રહેશે. અને તે જ સ્થળેથી પરીક્ષાર્થીઓને પ્રવેશપત્ર ઈસ્યુ કરવામાં આવશે. અથવા જે પરીક્ષા કેન્દ્ર ઉપર પરીક્ષા આપવાની હોય તે પરીક્ષા કેન્દ્ર પર ટપાલથી અરજીપત્ર મોકલી શકાશે અને તે જ પરીક્ષા કેન્દ્ર પરથી ટપાલથી પ્રવેશપત્ર મોકલવામાં આવશે. આ સિવાય અન્ય જગ્યાએ અરજીપત્ર મોકલવામાં આવશે તો તે સ્વીકારવામાં આવશે નહીં.
- પરીક્ષા દરમિયાન પાત્રતા ધરાવતા હોવાના કોઇ દસ્તાવેજી પુરાવાઓનો આગ્રહ રાખવામાં આવતો નથી. જે ઉમેદવારો પ્રવેશ માટે કસોટીના અંતે લાયક ઠરશે તો પ્રવેશ સમયે આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાના રહેશે. જે ઉમેદવાર મેરીટમાં આવશે તેમને એકલવ્ય શાળાની પસંદગી માટે કાઉન્સેલીંગ માટે બોલાવવામાં આવશે તે ઉમેદવારે સંબંધિત દસ્તાવેજી પુરાવા તે સમયે રજૂ કરવાના રહેશે. જેથી ઉમેદવારને પોતે ઠરાવેલ પાત્રતા ધરાવે છે તેની ખરાઇ કરીને જ અરજી કરવા જણાવવામાં આવે છે. પ્રવેશ સમયે ઉમેદવાર પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોવા છતાં જે પાત્રતા ધરાવતા નહી હોય તો કોઇ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

પરીક્ષા પધ્ધતિ :

- પરીક્ષા તા.૨૮/૦૪/૨૦૨૪ ને (રવિવાર) ના રોજ યોજવામાં આવશે, અને વિધાર્થીઓએ સવારે ૧૦:૩૦ કલાકે પરીક્ષા સ્થળે પહોંચી જવાનું રહશે. પરીક્ષાનો સમય સવારના ૧૧.૩૦ થી બપોરના ૧.૩૦ કલાક સુધીનો રહેશે પ્રશ્નપત્રમાં ભાષા કૌષલ્ય ક્ષમતા ભાષા – ૨૫-ગુણ ( અંગ્રેજી/ગુજરાતી/હિન્દી), અંકગણિત-૨૫ ગુણ બુદ્ધિમતાને લગતા ૫૦-ગુણ વિષયોમાંથી એમ મળી કુલ ગુણ -૧૦૦ માર્ક્સના વૈકલ્પિક પ્રશ્નો પુછવામાં આવશે. પ્રશ્નપત્ર લખવા માટેનો કુલ સમય ૨:૦૦ કલાક નો રહેશે.
- પરીક્ષા ઓ.એમ.આર (OMR) પદ્ધતિથી લેવામાં આવશે.

અગત્યની તારીખો :

★ અરજીપત્ર મેળવવાની તારીખ : ૨૮, ફેબ્રુઆરી ૨૦૨૪
★ અરજીપત્ર પરત આપવાની છેલ્લી તારીખ : તા. ૨૧, માર્ચ ૨૦૨૪ (સાંજે ૬-૦૦ વાગ્યા સુધી) જાહેર રજાના દિવસો સિવાય
★ પરીક્ષા ની તારીખ : ૨૮ એપ્રિલ ૨૦૨૪ (રવિવાર)
★ પરિણામ જાહેર કરવાની તારીખ : મે ૨૦૨૪ નું બીજુ અઠવાડિયુ

અરજીપત્ર ભરવાની બાબતમાં જો કોઇ વિદ્યાર્થીઓને મૂશ્કેલી હોય તો નીચે આપેલ જગ્યાઓએ સંપર્ક કરવો.

- વિના મૂલ્ય હેલ્પ લાઇન નંબર ૧૮૦૦૨૩૩૭૯૨૮
- અમારી વેબસાઇટ https://eklavya-education.gujarat.gov.in/
- સંબંધિત જિલ્લા પ્રાયોજના કચેરી અને નજીકની ઈ.એમ.આર.એસ./જી.એલ.આર.એસ./મોડેલ શાળા

સ્થળ : ગાંધીનગર , તારીખ ......./૦૨/૨૦૨૪

કાર્યપાલક નિયામક,
જી. એસ.ટી.ઈ.એસ.